**સાતમા પગાર પંચના અમલ સંદર્ભે ઓન લાઈન પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી (Verification) બાબત**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ-૫૭૮(૧૬)-પગાર એકમ**

બ્લોક નં-૪/૭, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર.

**તા.૦૭/૦૨/૨૦૧૮**

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૧-પગાર એકમ તા.૧૬/૦૮/૨૦૧૬

(૨) નાણા વિભાગનું જાહેરનામું ક્રમાંક: (જીએન-૪૯) પગર-૧૦૨૦૧૬-૨-પગાર એકમ તા.૧૯/૦૮/૨૦૧૬

(૩) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-૯-પગાર એકમ તા.૨૩/૦૩/૨૦૧૭

(૪) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-ઓ-૫૭૮(૧૪)-પગાર એકમ તા.૨૬/૦૯/૨૦૧૭

## પરિપત્ર

રાજ્ય સરકાર દ્વારા નાણા વિભાગના વંચાણે લીધેલ (૧) ના ઠરાવથી રાજ્યના કર્મચારીઓને સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણો અનુસાર પગાર સુધારણા મંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે અને વંચાણે લીધેલ (૨) ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ બહાર પાડવામાં આવેલ છે.

નાણા વિભાગના વંચાણે લીધેલ (૩) ના પરિપત્રથી સાતમા પગાર પંચના અમલ સંદર્ભે ઓન લાઈન પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી માટેની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ છે તથા તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી નિવૃત થયેલ કર્મચારીઓની પગાર બાંધણીની ચકાસણી ઓનલાઇન કરવાની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૪) ના પરિપત્રથી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૦/૨૦૧૭ સુધી નિવૃત થયેલ કર્મચારીઓની પગાર બાંધણીની ચકાસણી ઓનલાઇન કરવાની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે. તેમાં મુદતમાં વધારો કરી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓના પગાર બાંધણીના કેસોની અગ્રતાના ધોરણે ચકાસણી કરવાની થાય છે.

આથી સર્વે વહીવટી વિભાગો/ખાતાના વડાની કચેરીઓ/કચેરીના વડાની કચેરીઓએ તેમની કચેરીમાં **તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૯** સુધીમાં નિવૃત થયેલ/થનાર કર્મચારીઓના સાતમા પગાર પંચ મુજબના ઓન લાઈન પગાર બાંધણીના કેસ ઓન લાઈન ચકાસણી માટે પગાર ચકાસણી એકમ-હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને તાત્કાલિક મોકલી આપવાના રહેશે.

એવું પણ ધ્યાને આવેલ છે કે સૂચના પરિપત્રિત કરેલ હોવા છતાં કેટલીક કચેરીઓ દ્વારા અગ્રતાથી ચકાસણી કરવાપાત્ર નિવૃત્ત/અવસાન પામેલ કર્મચારીઓના ઓન લાઇન પગાર બાંધણીના કેસ ચકાસણી (Verification) માટે મોકલવામાં આવતા નથી તો તેવા કેસ તાત્કાલિક મોકલી આપવાના રહેશે.

વધુમાં ઓન લાઇન પગાર બાંધણીના કેસ ઓન ચકાસણી માટે મોકલતા અગાઉ આ વિભાગના તા.૨૩/૦૩/૨૦૧૭ ના પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ કાર્યપદ્ધતિ અનુસાર જરૂરી વિગતોની કચેરી-DDO કક્ષાએ ચકાસણી કરી-બિડાણો (on line attachments) સામેલ કરીને મોકલવામાં આવે તેની કાળજી રાખવા જણાવવામાં આવે છે જેથી બિનજરૂરી વિલંબ ટાળી શકાય.

તા.૨૩/૦૩/૨૦૧૭ ના પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ. વિ. સ., સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
આઈ.ટી. કો-ઓર્ડીનેટર, નાણા વિભાગ.
ઉપરોકત પરિપત્રની નકલ નાણા વિભાગની વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
પસંદગી ફાઈલ નાણા વિભાગ - મ, ચ, પ અને ઝ શાખા
* પત્ર દ્વારા